


# શત્રુઘ્નસિંહા કોંગ્રેસમાં જોડાયા : ભાજપ પર પ્રહારો

### તાજેતરમાં ભાજપ વનમેન આર્મી અને ટુ મેન શો બની ગઈ હોવાનો શોટગન શત્રુઘ્નસિંહાનો આક્ષેપ : નોટબંધી સૌથી મોટું કૌભાંડ રહ્યું : શત્રુઘ્નનો આક્ષેપ

નવી દિલ્હી,તા. ૬

છેલ્લા કેટલાક સમયથી ભાજપથી નારાજ ચાલી રહેલા બળવાખોર નેતા શત્રુઘ્ન સિંહા આજે વિધિવતરીતે ભાજપની સાથે છેડો ફાડીને કોંગ્રેસમાં સામેલ થઈ ગયા હતા. આની સાથે જ તેમને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. ભાજપના અસંતુષ્ટ નેતા શત્રુઘ્નસિંહા આખરે સત્તવારરીતે કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થઈ ગયા છે. આ ગાળા દરમિયાન શત્રુઘ્ન સિંહા ભાજપના સ્થાપકો નાનાજી દેશમુખ, અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણીની ભરપુર પ્રશંસા કરી હતી. સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ ઉપર પ્રહાર કર્યા હતા. શત્રુઘ્નસિંહાએ કહ્યું હતું કે તેમને દુખ છે કે, ભાજપના સ્થાપના દિવસે પાર્ટી છોડી રહ્યા છે. શત્રુઘ્નએ એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસમાં સામેલ થવામાં લાલૂ યાદવે ચાવીરુપ ભૂમિકા અદા કરી છે. શત્રુઘ્ન સિંહાએ કહ્યું હતું કે, ભાજપનો આજે સ્થાપના દિવસે છે. આજના દિવસે પાર્ટી છોડવાનો નિર્ણય દુખદ છે. તેમણે ઉમેર્યું હતું કે જ્યારે જ્યારે પ્રકાશ નારાયણને મળ્યા હતા ત્યારે નાનાજી દેશમુખનો પરિચય કરાવ્યો હતો. ભારત રત્ન નાનાજીએ રાજકીય કેરિયબ બનાવવામાં ભૂમિકા અદા કરી હતી. નાનાજીએ તેમને અટલ બિહારી વાજપેયીને મળાવ્યા હતા જેથી ભાજપ માટે કામ કરવાનો નિર્ણય કર્યો હતો. અડવાણી સાથે પણ આ ગાળામાં મુલાકાત થઈ હતી. શોટગન તરીકે લોકપ્રિય શત્રુઘ્નએ કહ્યું હતું કે, લોકશાહીને ધીમે ધીમે પાર્ટીમાં તાનાશાહીમાં બદલતા જોઈને દુખ થયું છે. પાર્ટી વન મેન આર્મી અને ટુ મેન શો બની ગઈ છે. પાર્ટીના દિગ્ગજોને માર્ગદર્શક મંડળમાં મોકલી દેવામાં આવ્યા છે. શત્રુઘ્નએ કહ્યું હતું કે, આ લોકોએ પહેલા ઉપરથી કાપવાની શરૂઆત કરી હતી. યશવંતસિંહાની હાલત કફોડી થઈ હતી. મુરલી મનોહર જોશીની હાલત પણ કફોડી થઈ હતી. અરુણ શૌરીનું પણ સન્માન



કરવામાં આવ્યું ન હતું. શત્રુઘ્ને કહ્યું હતું કે, તેમને મંત્રી બનાવવામાં આવ્યા ન હતા પરંતુ તેમના ઉપર કોઈ આરોપ મુકવામાં આવ્યા ન હતા. પીએમઓથી સરકાર ચાલી રહી હતી. તમામ લોકો વર્તમાન સરકારમાં ભયભીત છે. પાર્ટીએ સ્માર્ટ સિટી સુધીના વચનો પાળ્યા નથી. શત્રુઘ્નસિંહાએ મોદી સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણયોની વ્યાપક ટિકા કરી હતી. નોટબંધી જેવા નિર્ણયથી દેશના લોકો ઉપર શું અસર થઈ છે તે તમામ લોકો જાણે છે. આ નિર્ણયના કારણે લોકો લાઈનમાં લાગી ગયા હતા. પ્રચાર ઉપર જેટલી રકમ ખર્ચ કરવામાં આવી તેટલી રકમ વિકાસ ઉપર કરવામાં આવી હોત તો વધારે અસર થઈ હોત. શત્રુઘ્નસિંહાએ એમ પણ કહ્યું હતું કે, પાર્ટીથી ઉપર દેશ હોય છે ત્યારે તેમને અસંતુષ્ટ તરીકે કહેવામાં આવ્યા. નોટબંધી સૌથી મોટા કૌભાંડ તરીકે હોવાના કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીના આક્ષેપ સાથે સહમત હોવાની શત્રુઘ્નસિંહાએ વાત કરી હતી. ભારતીય જનતા પાર્ટીના ટોપ નેતાઓની સામે તેઓ આડેધડ નિવેદન કરી રહ્યા હતા. સાથે સાથે વિપક્ષી છાવણીમાં પણ નજરે પડી રહ્યા હતા. શત્રુઘ્ન સિંહા વિપક્ષ દ્વારા આયોજિત તમામ કાર્યક્રમમાં દેખાયા હતા. જેંમાં મમતા બેનર્જી દ્વારા આયોજત કાર્યક્રમનો સમાવેશ થાય છે. તેઓ ગુજરાતના પાટીદાર નેતા હાર્દિક પટેલના કાર્યક્રમમાં પણ પહોચી ગયા હતા. શત્રુઘ્ન સિંહા ભાજપ સાથે છેલ્લા કેટલાક સમયથી નારાજ હતા. યશવંતસિંહા અને અરૂણ શૌરીની સાથે તેઓ ભારતીય જનતા પાર્ટી પર પ્રહારો કરી રહ્યા હતા. લોકસભા ચૂંટણી માટે ઉમેદવારો જાહેર કરવાની શરૂઆત કરવામાં આવ્યા બાદ શત્રુઘ્ન સિંહાને ટિકિટ ન મળતા એવી શક્યતા વધી ગઈ હતી કે તેઓ ભાજપ સાથે છેડો ફાડી લેશે. થોડાક દિવસ પહેલા કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની સાથે પણ તેઓ દેખાયા હતા. ચૂંટણી માટે તખ્તો ગોઠવાઈ ગયો છે ત્યારે હવે શત્રુઘ્નસિંહા પણ કોંગ્રેસ છાવણીમાં નજરે પડી રહ્યા છે. આજે કોંગ્રેસમાં સામેલ થયા ત્યારે તેઓ રણદીપ સુરજેવાલાની સાથે પ્રેસમાં દેખાયા હતા.

## વાયનાડ બેઠક પર રાહુલ ગાંધીની સામે ત્રણ ત્રણ ગાંધી મેદાનમાં રહેશે

વાયનાડ,તા. ૬

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી જે સીટ પરથી ચૂંટણી મેદાનમાં છે તે કેરળની વાયનાડ સીટ પર રાહુલ ગાંધીની સામે ત્રણ ત્રણ ગાંધી મેદાનમાં છે. જેના કારણે આ હાઈ પ્રોફાઈલ સીટને લઈને ભારે ચર્ચા છે. રાહુલ ગાંધી કેરળની વાયનાડ સીટની સાથે સાથે ઉત્તરપ્રદેશની અમેઠી બેઠક પરથી પણ ચૂંટણી લડી રહ્યા છે. રાહુલ ગાંધીની સામે જે ત્રણ ગાંધી મેદાનમાં છે તેમાં એકનુ નામ રાહુલ ગાંધી જ છે. કેરળની વાયનાડ સીટની સાથે સાથે તમામ ૨૦ સીટો પર ૨૩મી એપ્રિલના દિવસે મતદાન થનાર છે. તમામ લોકો જાણે છે કે આ સીટ પર ઉમેદવારી પત્ર પરત ખેંચવા માટેની તારીખ આઠમી એપ્રિલ છે. રાહુલ ગાંધીની સામે મેદાનમાં ઉતરેલા ત્રણ ઉમેદવારોમાં કેઈ રાહુલ ગાંધી, કે રાઘુલ ગાંધી અને કેએમ શિવપ્રસાદ ગાંધીનો સમાવેશ થાય છે. જે પૈકી બે ઉમેદવાર અપક્ષ લડી રહ્યા છે. ૩૩ વર્ષીય કેઈ રાહુલ ગાંધી કોટ્ટાયામના નિવાસી છે.

કે રાઘુલ ગાંધી કોઈમ્બતુરના નિવાસી છે. ત્રિશુર નિવાસી કેએમ શિવપ્રસાદ ગાંધી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી મેદાનમાં ઉતરી ગયા છે.લઘુમતિઓની વધારે વસતી ધરાવતી આ સીટ પર હવે તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

## દેશને ભ્રષ્ટાચારી નહીં ચોકીદારની સરકાર જોઈએ

### કોંગ્રેસ મજબૂર સરકાર જ્યારે અમે મજબૂત સરકાર ઇચ્છીએ છીએ : ઓરિસ્સા-છત્તીસગઢમાં મોદી ઝંઝાવતી પ્રચારમાં વ્યસ્ત રહ્યા : ઓરિસ્સામાં કમળ ખીલી ઉઠશે : મજબૂત સરકાર ત્રાસવાદીઓને ઘરમાં ઘુસીને મારે છે

ઓરિસ્સા અને છત્તીસગઢ જેવા રાજ્યોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે આક્રમક ચૂંટણી પ્રચાર કરતા નજરે પડ્યા હતા. બંને રાજ્યોમાં નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પાર્ટી અને ગઠબંધન ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. મોદીએ છત્તીસગઢના બાલોદમાં ચૂંટણી સભાને સંબોધતા કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી મજબૂર સરકાર માટે ચૂંટણી લડી રહી છે જ્યારે અમે મજબૂત સરકાર માટે ચૂંટણી લડી રહ્યા છે. છત્તીસગઢની નવી સરકાર ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ અને તેમના સાથી એક મજબૂત સરકાર માટે ચૂંટણી લડી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું તું કે, મજબૂત સરકારમાં મજબૂત નિર્ણયો થાય છે જ્યારે મજબૂર સરકાર હોય છે ત્યારે કેટલાક લોકોના સ્વાર્થ માટે નિર્ણય લેવામાં આવે છે. બાલોદમાં ચૂંટણી સભાને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, દેશના મનમાં એક ચિત્ર સ્પષ્ટ છે



કે, મજબૂત સરકાર દેશમાં રહે તે જરૂરી છે. નિયત અને નીતિની પણ વાત રહેલી છે. કોંગ્રેસ પાર્ટી પોતાના પક્ષને જીતાડવા માટે ચૂંટણી લડે છે જ્યારે અમે દેશને જીતાડવા માટે ચૂંટણી લડી રહ્યા છીએ. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ અને તેમના સાથી આતંકવાદીઓ, કટ્ટરપંથીઓને ખુલ્લી છુટ આપવા માટે ચૂંટણી લડી રહ્યા છે જયારે અમે આતંકવાદ અને અલગતાવાદીઓને તેમના પાપોની સજા આપવા માટે ચૂંટણી લડી રહ્યા છીએ. મોદીએ એર સ્ટ્રાઈકનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ અને તેમના સાથીઓ દેશની સેનાને મજબૂર અને કમજોર કરવા ચૂંટણી લડી રહ્યા છે જ્યારે અમે સેનાને આત્મનિર્ભર બનાવા ચૂંટણી લડી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષના ગાળામાં લોકો જોઈ ચુક્યા છે કે એક મજબૂત સરકારનો મતલબ શું હોય છે. જ્યારે મજબૂત સરકાર હોય છે ત્યારે આતંકવાદી હુમલા બાદ દેશના લોકો શાંત બેસતા નથી અને દુશ્મનના ઘરમાં ઘુસીને હુમલા કરવામાં આવે છે. મોદીએ કહ્યું હતું કે, જ્યારે આતંકવાદીઓને બોધપાઠ ભણાવવામાં આવ્યા ત્યારે દેશના લોકોમાં ઉજવણી થઈ રહી હતી. જ્યારે મજબૂત સરકાર હોય છે ત્યારે સર્જિકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈક કરવામાં આવે છે. આવી સ્થિતિમાં દુનિયા પણ અમારી વાત સાંભળે છે. મજબૂત સરકાર શું હોય છે તેના દાખલા આજે જોવા મળી શકે છે. વિશ્વભરમાં ભારતની ગુંજ જોવા મળી રહી છે.

## મમતાની નજીકના પોલીસ અધિકારીઓની બદલી

### સીબીઆઇ સામે ધરણા દરમિયાન મમતાની સાથે નજરે પડી ચુકેલા કોલકત્તાના પોલીસ કમિશનરની પણ બદલી

ચૂંટણી પંચે આક્રમક કાર્યવાહી કરીને પશ્ચિમ બંગાળના મુખ્યધાન મમતા બેનર્જીના નજીકના ગણાતા ચાર આઈપીએસ ઓફિસરોની બદલી કરી નાંખી છે. આની સાથે જ બંગાળમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ચૂંટણી પંચના આદેશ મુજબ સીબીઆઈની સામે ધરણા પ્રદર્શન વેળા મમતા બેનર્જીની સાથે મંચ પર નજરે પડી ચુકેલા પોલીસ કમીશનર અનુજ શર્માની પણ બદલી કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ મમતા સરકારમાં આના કારણે ભારે ચકચાર મચી ગઈ છે. રાજ્ય સરકાર આ મામલે કાનુની વિકલ્પ પર વિચારણા કરી રહી છે. સાથે સાથે અન્ય વિકલ્પ પર પણ ચર્ચા ચાલી રહી છે. અનુજ શર્મા ઉપરાંત પંચે ત્રણ અન્ય પોલીસ અધિકારીઓની પણ બદલી કરી નાંખી છે. સાથે સાથે રાજ્ય સરકારને આદેશ કર્યો છે કે જે ચાર અધિકારીઓની બદલી કરવામાં આવી છે તેમને ચૂંટણી સંબંધિત કોઈ જવાબદારી સોંપવામાં ન આવે. બંગાળના મુખ્ય સચિવ મલય ડેના નામ પર લખવામાં આવેલા પત્રમાં ચૂંટણી પંચે કહ્યુ છે કે બદલી માટેનો આદેશ તરત જ અમલી કરવામાં આવે તે જરૂરી છે. ચૂંટણી પંચે વિધાનગરના પોલીસ કમીશનર જ્ઞાનવંત સિંહ, ડાયમંડ હાર્બરના એસપી એસ સેલ્વમુરુગન તેમજ બીરભુના એસપી શ્યામસિંહની પણ બદલી કરી નાંખી છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે.તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મીલોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થનાર છે.બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ પર મતદાન થનાર છે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થનાર છે.

## 'પીએમ નરેન્દ્ર મોદી' બાયોપિક ફિલ્મ ૧૧મી એપ્રિલના દિવસે રજૂ થશે

સુપ્રીમ કોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર બનેલી બાયોપિક ફિલ્મ હવે રજૂ થનાર છે. આ બાયોપિક ફિલ્મની રજૂઆત પર સ્ટે મુકવાની માંગ કરતી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. ફિલ્મની રજૂઆત માટેની નવી તારીખ મળી ગયા બાદ હવે આ ફિલ્મને ચાહકો જોઈ શકશે. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં બેંચે સ્ટે મુકવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. ફિલ્મના નિર્માતા દ્વારા ફિલ્મની રજૂઆતની નવી તારીખ હવે જાહેર કરી દીધી છે. આ અરજી પર તરત સુનાવણી કરવાની માંગ કરતી અરજીમાં વકીલે કહ્યુહતુ કે તેના પર નિયમિત ક્રમમાં સુનાવણી કરવાની જરૂર છે. આ અરજીમાં આગામી લોકસભા ચૂંટણી ખતમ ન થાય ત્યા સુધી ફિલ્મની રજૂઆત પર સ્ટે મુકવાની માંગ કરવામાં આવી હતી. અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આને ચાહકો અને મતદારોને પ્રભાવિત કરવાના ઈરાદા સાથે તૈયાર કરવામાં આવી છે. મતદારોના મનને બદલી નાંખવા માટે આ ફિલ્મ તૈયાર કરવામાં આવી છે. આ સંબંધમાં પ્રતિક્રિયા આપતા અભિનેતા વિવેક ઓબેરોયે કહ્યુ છે કે તે ન્યાયતંત્રને લઈને ખુશ છે. આ ફિલ્મ પહેલા પાંચમી એપ્રિલના દિવસે રજૂ કરવામાં આવનાર હતી. હવે આ ફિલ્મ ૧૧મી એપ્રિલના દિવલસે રજૂ કરાશે.

## ઓરિસ્સામાં બીજુની સરકાર પર મોદીના તીવ્ર પ્રહાર

સોનપુર, તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઓરિસ્સાના સોનપુરમાં ચૂંટણી પ્રચારમાં પહોંચ્યા હતા. વર્તમાન બીજુ જનતા દળની સરકાર ઉપર પણ મોદીએ પ્રહાર કર્યા હતા. વર્તમાન સરકાર ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, આજે તેમને ઓરિસ્સામાં આવીને ખુશી થાય છે પરંતુ ઓરિસ્સામાં સત્તારુઢ બીજેડીની સરકાર લોકોને લાભ પહોંચાડવા માટે ઉત્સુક નથી. બીજેડીની સરકાર લોકો ગરીબીમાંથી બહાર નિકળે તેમ ઈચ્છતા નથી. વિકાસની યોજનાઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, આજે ઓરિસ્સાના લોકોને ગર્વ થાય છે પરંતુ અહીં રાજ્યના લોકોને લાભ મળી રહ્યા નથી. લાખો ઘરોમાં વિજળીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. મફત ગેસ કનેક્શન, મફત રેશનિંગની સાથે સાથે શૌચાલયોની સુવિધા આપવામાં આવી રહી છે. જો સ્થિતિને બદલવાની ઈચ્છા છે તો પ્રદેશમાં પણ સરકાર બદલાય તે જરૂરી છે. બંને જગ્યા ઉપર સરકાર બદલાશે તો જ મોટો ફાયદો થશે અને વિકાસની ગતિ વધુ ઝડપી થશે. મોદીની સામે સમગ્ર વિપક્ષ છે. કારણ કે તેઓએ તેમના વચેટિયાઓની દુકાન બંધ કરી દીધી છે. ભ્રષ્ટાચારીઓ ઉપર અંકુશ મુકી દીધા છે.

લોકોના સ્વાર્થ માટે નિર્ણય લેવામાં આવે છે. બાલોદમાં ચૂંટણી સભાને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, દેશના મનમાં એક ચિત્ર સ્પષ્ટ છે કે, મજબૂત સરકાર દેશમાં રહે તે જરૂરી છે. નિયત અને નીતિની પણ વાત રહેલી છે. કોંગ્રેસ પાર્ટી પોતાના પક્ષને જીતાડવા માટે ચૂંટણી લડે છે જ્યારે અમે દેશને જીતાડવા માટે ચૂંટણી લડી રહ્યા છીએ.

## વિવિધતા સ્વીકાર ન કરનાર લોકો દેશભક્ત બની ગયા છે

### કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીના પ્રહારો : સરકાર કોંગ્રેસની બનશે તો બંધારણની મૂળ ભાવના ફરી સ્થાપિત થશે : દેશભક્તિની નવી પરિભાષા દર્શાવાય છે

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ આજે મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. હજુ સુધી ચૂંટણી પ્રચારથી દૂર રહેલા સોનિયા ગાંધીએ પાર્ટીના કાર્યક્રમમાં મોદી સરકાર ઉપર સંસ્થાઓને ખતમ કરવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવે છે તો બંધારણની મૂળ ભાવના રજૂ કરવામાં આવશે. આ સમયે દેશશક્તિ અને દેશભક્તિની નવી પરિભાષા દર્શાવવામાં આવી રહી છે. પોતાના લોકો સાથે જ ભેદભાવ કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસના જનસરોકાર ૨૦૧૯ કાર્યક્રમમાં ગાંધીએ કહ્યું હતું કે, કેટલાક વર્ષ પહેલા અમે વિચારતા ન હતા કે, અમને આવી સ્થિતિમાં અહીં એકત્રિત થવાની જરૂર પડશે. છેલ્લા કેટલાક સમયથી અમારા દેશના મૂળ આત્માને એક વિચારવામાં આવેલા કાવતરા હેઠળ કચડી નાંખવાના પ્રયાસ થઈ રહ્યા છે જે ચિંતાજનક બાબત છે. આજે દેશભક્તિની નવી પરિભાષા દર્શાવવામાં આવી રહી છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, વર્તમાન સરકાર કરોડો દેશવાસીઓ પાસેથી તેમની લાઈફને વધારે શ્રેષ્ઠ બનાવવાની તકો આંચકી રહી છે. એવી નીતિઓ બનાવી રહી છે જે હેઠળ ઉદ્યોગપતિઓ અને મોટા કારોબારીઓને ફાયદો થઈ રહ્યો છે. અમને પૂર્ણ હિંમત સાથે વિરોધ કરવાની જરૂર છે. સોનિયા ગાંધીએ કોંગ્રેસ પાર્ટીના સત્તા પર પરત ફર્યા બાદ ચૂંટણી વચનો પૂર્ણ કરવાની વાત કરી હતી અને કહ્યું હતું કે, આમા કોઈ શંકા નથી.

## ભાજપે ૭૧ સાંસદોની ટિકિટ કાપી

### ૨૦૧૪માં મોદી લહેર હેઠળ જીતી ગયેલા પરંતુ ત્યારબાદ નિરાશાજનક કામ કરનારા સાંસદોની ટિકિટો કપાઈ શકે

નવી દિલ્હી, તા. ૬

બળવાની સ્થિતિ અને મતદારોમાં રહેલી નારાજગીને લઈને ભારતીય જનતા પાર્ટી ૨૦૧૯ લોકસભાની ચૂંટણીમાં તેના વર્તમાન



સાંસદો પૈકીના એક તૃતિયાંશ જેટલા સાંસદોને ટિકિટ નહીં આપે તેમ માનવામાં આવે છે. આના સંકેત મળવા લાગી ગયા છે. હજુ સુધી પાર્ટી દ્વારા જાહેર કરવામાં આવેલા ઉમેદવારો પૈકી અનેક વર્તમાન સાંસદોની ટિકિટ કપાઈ ચુકી છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં મોદી લહેર હેઠળ જીતી ચુકેલા મોટી સંખ્યામાં સાંસદોની ટિકિટ કપાઈ ચુકી છે. હજુ સુધી છેલ્લી ચૂંટણીમાં જીતેલા સાંસદો પૈકી ૭૧ સાંસદોને પડતા મુકવામાં આવી ચુક્યા છે. આ દોર હજુ જારી રહે તેમ માનવામાં આવે છે. ભાજપ આ વખતે લોકસભાની ચૂંટણીમાં વધુ સારા દેખાવના ઈરાદા સાથે જે સાંસદોની સામે નારાજગી જોવા મળી રહી છે અથવા તો જે સાંસદોના કામને લઈને મતવિસ્તારના લોકો નાખુશ દેખાઈ રહ્યા છે તે સાંસદોની ટિકિટ કાપવામાં આવી રહ છે. હજુ આ આંકડો વધવાના સંકેત છે. હજુ સુધી ૨૬ સીટોમાં ઉમેદવારી બાકી રહી છે. ભાજપ આ વખતે લોકસભાની ચૂંટણીમાં ૪૦૦ બેઠકો ઉપર ચૂંટણી લડનાર છે. બાકીની બેઠકો એનડીએના ઘટક પક્ષો માટે છોડી દીધી છે. પહેલાથી જ



૭૧ સાંસદોની ટિકિટ કાપવામાં આવી ચુકી છે. વર્ષ ૨૦૧૪માં મોદી લહેરના કારણે લોકસભામાં પહોંચી ગયેલા સાંસદોના નિરાશાજનક દેખાવથી મતદારો નાખુશ દેખાઈ રહ્યા છે. ફિડબેક અને અન્ય તમામ આંકડા મેળવી લેવામાં આવ્યા બાદ હવે વર્તમાન સાંસદોની ટિકિટ કાપવામાં આવી રહી છે. આ સિલસિલો હજુ યથાવતરીતે જારી રહેશે. ભારતીય જનતા પાર્ટીએ આ વખતે તમામ બાબતોને ગંભીરતાપૂર્વક હાથ ધરીને સાંસદોના કામના દેખાવની માહિતી મેળવી લીધી છે.

## ફીર એકબાર મોદી સરકારના સુત્રને યથાર્થ કરીએ : સીતારામન

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ કેન્દ્રીય રક્ષામંત્રી નિર્મલા સીતારામનએ ભાજપાના ૩૯ના સ્થાપના દિન નિમિત્તે વડોદરા ખાતે પ્રબુધ્ધ નાગરિક સંમેલનમાં ઉપસ્થિત રહી સંબોધન કર્યુ હતુ. રક્ષામંત્રી નિર્મલા સીતારામનએ આ પ્રસંગે જણાવ્યુ હતુ કે, તેઓ ૨૦૧૪ લોકસભા ચૂંટણી દરમ્યાન વડોદરાના પ્રવાસે હતા અને આગામી ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પણ તેઓ વડોદરા ખાતે ઉપસ્થિત છે. ગત ૨૦૧૪ની લોકસભા ચૂંટણીની જેમ જ આગામી ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દેશ માટે અતિમહત્વની છે. ૨૦૧૪ની ચૂંટણી પ્રજાવિરોધી, ભ્રષ્ટાચારી, દેશની સુરક્ષા કરવા અસક્ષમ, દેશના પ્રશ્નોનું નિરાકરણ ન લાવી શકનાર યુપીએ સરકારને ઉખાડી ફેંકવા માટેની હતી, જ્યારે ૨૦૧૯ની ચૂંટણી દેશની વિકાસયાત્રાને અવિરતપણે આગળ વધારવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારનું પુનરાવર્તન કરવા માટે ની ચૂંટણી છે. રોજગારીની બાબત હોય, ઔદ્યોગિક વિકાસની બાબત હોય, આર્થિક સુધારાની બાબત હોય કે દેશની સુરક્ષા-સલામતીની બાબત હોય એમ, દરેક મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં દેશે છેલ્લા ૫ વર્ષમાં નરેન્દ્ર મોદીનું નિર્ણાયક નેતૃત્વ જોયું છે. છેલ્લા ૫ વર્ષમાં દેશમાં જે કાર્યોની નીંવ મુકવામાં આવી છે તેમને પૂર્ણતાના આરે લઈ જવા નરેન્દ્ર મોદીનું ફરી પ્રધાનમંત્રી બનવું અતિઆવશ્યક છે. ''ફીર એક બાર મોદી સરકાર''ના સુત્રને યથાર્થ કરવા માટે કેન્દ્રીય નેતૃત્વ, સ્થાનીય નેતૃત્વ, કાર્યકર્તાઓ તથા સમર્થકો ભાજપાને વિજય અપાવવા માટે દેશભરમાં અથાગ પરિશ્રમ કરી રહ્યા છે.